**(1) રશિયાની કોવીડ રસી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રસીને Sputnik-V નામ આપવામાં આવ્યું છે.
(2) તે વિશ્વમાં મંજૂર થયેલી પ્રથમ રસી છે.
(3) રસીની બનાવટમાં રશિયાના રક્ષા મંત્રાલયનો ફાળો છે.
(4) આ રસી એડેનોવાયરસ (Adenovirus) પર આધારીત છે.

(A) માત્ર (2), (3) અને (4) (B) માત્ર (1) અને (2)
(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રશિયાએ કોવીડ-19ની પ્રથમ રસી જાહેર કરી છે તથા તે વાપરવા માટે તૈયાર પરિસ્થિતિમાં છે. વિશ્વમાં કોવીડ–19ની આ પ્રથમ રસી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ સોવિયેત યુનિયન દ્વારા પ્રથમ ઉપગ્રહ **Sputnik-I** લોંચ કરવામાં આવ્યો હતો. આ ઉપગ્રહના નામ પરથી રસીને **Sputnik-V** નામ આપવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રસીની બનાવટ રશિયાના રક્ષા મંત્રાલયના સાથ–સહકાર દ્વારા મોસ્કોની ગામેલ્યા (Gamaleya) સંસ્થા દ્વારા બનાવવામાં આવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ રસી **SARS-CoV-2** ટાઈપ એડેનોવાયરસના **DNA** પર આધારીત છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ રશિયાના અધિકારીઓએ જણાવ્યું છે કે સપ્ટેમ્બર મહિનામાં રસીનું મોટા પ્રમાણનું ઉત્પાદન શરૂ થશે તથા સામૂહીક રસીકરણ કાર્યક્રમ ઓકટોબરમાં શરૂ થઈ શકશે.

⇛ અગાઉ ચીન દ્વારા એક રસી બનાવવામાં આવી હતી. પરંતુ, તે મર્યાદિત ઉપયોગ માટેની જ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (2) 'કૃષિ મેઘ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) કૃષિ મેઘ નાબાર્ડના ડેટાને સુરક્ષિત રાખશે.
(2) તેની સ્થાપના હૈદરાબાદમાં નેશનલ એકેડમી ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ મેનેજમેન્ટ (NAARM)માં કરવામાં આવી છે.
(3) તે એક કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રકચર છે.
(4) તેમાં વર્લ્ડ બેંકનો પણ ફાળો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ખેતી અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા 'કૃષિ મેઘ' લોંચ કરવામાં આવ્યું છે.

⇛ કૃષિ મેઘ રાષ્ટ્રીય કૃષિ સંશોધન અને શિક્ષણ પ્રણાલી (કલાઉડ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા સર્વિસ) છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે ભારતની પ્રમુખ સંશોધન સંસ્થા ICAR (ભારતીય કૃષિ સંશોધન પરિષદ)ના ડેટાને સુરક્ષિત રાખવાનો ઉદ્દેશ ધરાવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેની સ્થાપના નેશનલ એગ્રીકલ્ચર હાયર એજ્યુકેશન પ્રોજેકટ હેઠળ કરવામાં આવી છે. આ પ્રોજેકટનું ફંડીંગ સરકાર તથા વર્લ્ડ બેંક બન્ને દ્વારા કરવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેની સ્થાપના હૈદરાબાદની નેશનલ એકેડમી ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ મેનેજમેન્ટમાં કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સેવા દ્વારા ખેતી ક્ષેત્રે ગુણવત્તામાં વધારો થશે, ઈ–શાસનની ઉપલબ્ધતા અને સુલભતામાં વધારો, સંશોધન, શિક્ષણમાં વિસ્તૃતીકરણ તથા જોખમમાં ઘટાડો થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) 'Elephants. Not Commodities' નામના રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ રિપોર્ટમાં વિવિધ દેશોમાં ચાલતા 'હાથી પ્રવાસન' વિશે સંશોધન કરવામાં આવ્યું છે.

(2) રિપોર્ટ વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

(3) એશિયામાં પ્રવાસન ક્ષેત્રે વપરાતા હાથીઓની સંખ્યામાં ભારતનો ક્રમ બીજો છે.

(4) ભારતના પ્રવાસન ક્ષેત્રના હાથીઓ પૈકી આશરે 45% હાથીઓ અપૂરતી પરિસ્થિતિમાં રહે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ વિશ્વ હાથી દિવસ (12 ઓગસ્ટ) નિમિત્તે ઈન્ટરનેશનલ એનિમલ વેલફેર ઓર્ગેનાઈઝેશન, વર્લ્ડ એનિમલ પ્રોટેક્શન દ્વારા **'Elephants. Not Commidities'** નામનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ રિપોર્ટમાં ભારત, થાઈલેન્ડ, લોઓસ, નેપાળ, કંબોડીયા, શ્રીલંકા અને મલેશિયા જેવા દેશોમાં ચાલતા હાથી પ્રવાસન પર સંશોધન કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ રિપોર્ટ મુજબ આ દેશોમાં આશરે 3800થી વધુ હાથી બંધનમાં છે જે 357થી વધુ પ્રવાસન સ્થળોમાં વિસ્તરેલા છે. આ હાથીઓ પૈકી આશરે 75% હાથી માત્ર થાઈલેન્ડમાં છે.

⇛ એશિયામાં પ્રવાસન ક્ષેત્રે વપરાતા હાથીઓની સંખ્યામાં ભારતનો ક્રમ બીજો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતમાં આવા 509 હાથીઓ છે. આ પૈકી આશરે 45% હાથીઓ અપૂરતી પરિસ્થિતિમાં રહે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ભારતમાં આદિજાતી સ્વતંત્રતા સેનાની માટેના મ્યુઝીયમ માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આદિજાતી મંત્રાલયે જણાવ્યું છે કે, 2022 સુધીમાં આ પ્રકારના 9 મ્યુઝીયમ સ્થાપવામાં આવશે.

(2) ભારતના એવા રાજ્યો કે જયાં આદિજાતી સમુદાયો રહેતા હતા અને જેમણે બ્રિટીશરો વિરુદ્ધ લડત કરી હતી તેવા રાજ્યોમાં આ મ્યુઝીયમ સ્થાપવામાં આવશે.

(3) આ પૈકી સૌથી મોટું મ્યુઝીયમ ઝારખંડમાં સ્થાપવામાં આવશે.

(4) સ્વતંત્રતા સેનાની રામજી ગોંડને સમર્પિત થયેલું મ્યુઝીયમ મધ્યપ્રદેશમાં બની રહયું છે.

(A) માત્ર (1) અને (2)   (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)   (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ આદિજાતી મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આદિજાતી સ્વતંત્રતા સેનાનીઓને સમર્પિત એવા 9 મ્યુઝીયમની સ્થાપના 2022 સુધીમાં કરવામાં આવશે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ બ્રિટીશ શાસન દરમિયાન જે રાજ્યોમાં રહેતા આદિજાતી સમુદાયે બ્રિટીશરોનો વિરોધ કરેલો હોય તેવા રાજ્યોમાં આ મ્યુઝીયમ સ્થાપવામાં આવી રહયા છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ મ્યુઝીયમોમાં ઓગમેન્ટેડ રિઆલીટી, 4D તથા 7D હોલોગ્રાફીક પ્રોજેકશનનો સમાવેશ થશે.

⇛ આ 9 મ્યુઝીયમ પૈકી સૌથી મોટા મ્યુઝીયમની સ્થાપના ગુજરાતના રાજપીપળામાં થશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ અન્ય કેટલાક મ્યુઝીયમ તથા તેની સાથે સંકળાયેલા લડવૈયાઓની માહિતી નીચે મુજબની છે :

- રાણી ગૈડીનીલુ – મણીપુર મ્યુઝીયમ
- શહીદ વીર નારાયણ સીંઘ – રાયપુર, છત્તીસગઢ મ્યુઝીયમ
- બિરસા મુંડા – રાંચી, ઝારખંડ મ્યુઝીયમ
- રામજી ગોંડ – તેલંગાણા મ્યુઝીયમ
- શ્રી અલ્લુરી સીથા રામ રાજુ – આંધ્રપ્રદેશ મ્યુઝીયમ

(આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) મુખ્યમંત્રી કિસાન સહાય યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ યોજના ગુજરાત રાજ્ય દ્વારા લોંચ કરવામાં આવી છે.
(2) આ યોજના આવનારા 3 વર્ષ માટે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનું સ્થાન લેશે.
(3) જો પાકને થયેલું નુકશાન 33%થી 66% વચ્ચે હશે તો ખેડૂતને 10,000 રૂપિયા પ્રતિ હેકટરનું વળતર આપવામાં આવશે.
(4) જો પાકને થયેલું નુકશાન 66%થી વધુ હશે તો 15,000 રૂપિયા પ્રતિ હેકટરનું વળતર આપવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1)

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ ગુજરાત રાજ્ય દ્વારા મુખ્યમંત્રી કિસાન સહાય યોજના લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ યોજના માત્ર ચાલુ વર્ષ માટે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનું સ્થાન લેશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાના સ્થાને આ નવી યોજના લાવવાનું કારણે છે કે વીમા કંપનીઓએ આ વખતે સરકાર પાસેથી વધુ પ્રિમીયમ માંગ્યું છે.

⇒ આ નવી યોજના હેઠળ વધુ વરસાદ, દુકાળ કે અનિયમિત વરસાદના કારણે થયેલાં 33%થી વધુ પાક નુકશાન માટે વળતર આપવામાં આવશે. ઉપરાંત આ વળતર મહત્તમ 4 હેકટર માટે જ આપવામાં આવશે.

⇒ જો પાક નુકશાન 33%થી 66% વચ્ચે હશે તો પ્રતિ હેકટર 20,000 રૂપિયાનું વળતર આપવામાં આવશે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ 66%થી વધુના પાક નુકશાન માટે 25,000 રૂપિયા પ્રતિ હેકટરના વળતરની જોગવાઈ કરવામાં આવી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇒ આ ઉપરાંત ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફંડમાંથી પણ વધારાનું વળતર મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT